**તા**રી બહેનપણીની પાર્ટીમાં નાઇટઆઉટ માટે જવાની તારી જીદ બાબતે ઘરમાં જે વાતાવરણ રચાયું એનાથી આપણે ત્રણે દુઃખી છીએ. મને થયું કે સાચે જ દીકરી મોટી થઈ ગઈ!

મને એમ કે ઊંઘ આવશે.

લાઇટ બંધ છે... આંખો ખૂલી છે. મન જાગે છે. વિચારોનો નાયગ્રા ફૉલ્સ શરૂ થઈ ગયો છે. મમ્મી સૂઈ ગઈ છે. કદાચ એ સપનામાં તને જુએ છે. તારી Sweet Sixteen Party ઉજવવાનો એને ઉત્સાહ છે. એણે એની રીતે આયોજન પણ વિચારી રાખ્યું છે, પણ...

મારી આંખમાં આંસુ હતાં. ક્યારે આવ્યાં એ ખબર ન પડી, પણ કેમ આવ્યાં એની જાણ હતી. હું તારા જન્મ પહેલાંના સમયમાં જઈ ચડેલો.

એ સમયમાં, જ્યારે હજી તું જન્મી નહોતી પણ તારા આગમનની જાહેરાત થઈ ચૂકી હતી. તું કદાચ મહિનાની હોઈશ, મમ્મીના પેટમાં હળવી હળવી લાતો મારતી હોઈશ! ને મમ્મી તારી હાજરી અનુભવતી ને મલકી જતી. ક્યારેક મારો હાથ લઈ એના પેટ પર મૂકતી ને હું... તને અનુભવી રહેતો.

મમ્મી સાથે હું આપણા ડૉક્ટરઆંટી પાસે ગયેલો તે દિવસ યાદ છે. ડૉક્ટરઆંટીએ મમ્મીને ચેક કરી. બધું બરાબર હતું. મમ્મી અને તું બંને મજામાં હતાં. એમણે પૂછ્યું, 'તમારે જાણવું છે કે પેટમાં કોણ છે?' અમે બંને સમજ્યા નહીં એટલે એમણે જ કહ્યું કે, 'પેટમાં દીકરો છે કે દીકરી તે નથી જાણવું?'

ત્યારે પહેલી વાર અમે પણ એ વિશે વિચાર્યું! અમે તો એ વાતથી જ રાજી હતા કે અમે મમ્મી-પપ્પા બનવાના છીએ, પણ અમને આ Degree આપનાર બાબો છે કે બેબી એ વિશે તો અમે વિચાર પણ નહોતો કર્યો! વતનમાં એનો મહિમા છે. દીકરાનો જન્મ દીકરીના જન્મ કરતાં વધુ આનંદદાયક ગણાય છે. દીકરાના નામ પાછળ પિતાનું નામ આવે છે. એ રીતે એ નામ જીવતું રહે છે. દીકરો હોય તો ઘરની સંપત્તિ ઘરમાં જ રહે. દીકરાની વહુ આવે ત્યારે જે લાવે તે પણ ઘરમાં જ આવે. દીકરો હોય તો ઘડપણમાં માતા-પિતાનું ધ્યાન રાખે. દીકરી તો પરણીને સાસરે જાય. એને તો આવવું પડે. એ ધારે તો ય માબાપનું ધ્યાન રાખવા ન આવી શકે. એને માથે એના ઘર-પરિવારની જવાબદારી હોય. દીકરો ભણેગણે, કામધંધો કરે તો ઘરને ફાયદો. દીકરીને ભણાવવા-ગણાવવામાં તો બીજાને જ લાભ!

જૂના જમાનામાં તો દીકરીને જન્મ દેનારી સ્ત્રીને બહુ મુશ્કેલી સહન કરવી પડતી. દુઃખની વાત તો એ કે દીકરીની માને દુઃખ દેનારમાં પણ બીજી સ્ત્રીઓ જ વધારે હતી! આથી કોઈ ઇચ્છતું નહીં કે દીકરી જન્મે. દીકરીને ઊડણ ચરકલડી કહે, દીકરીને સાપનો ભારો ય કહે...

આવી માનસિકતા વચ્ચે ડૉક્ટરઆંટીનો સવાલ સમજી શકાય તેમ હતો, પણ અમે એ જાણવાની ના જ પાડી. અમે તો અમને માતાપિતાની ઓળખ આપવા આવનારને પ્રેમથી આવકારવા ઉત્સુક હતા, એ દીકરો હોય કે દીકરી!

મને યાદ આવે છે કે એ દિવસે તારી મમ્મી મારા પર બહુ જ ખુશ હતી. અમે ત્યાંથી જ એક રેસ્ટોરાંમાં ગયેલા ને ચટાકેદાર પાણીપૂરી ઝાપટેલી.

## ...ને તું આવી! અમે બંને ઘેલાં ઘેલાં...

તારા જન્મ પહેલાંની બધી જ તકલીફો મમ્મી ભૂલી ગઈ ને તારામય થઈ ગઈ. અમારા દિવસ- રાત તારી જ આસપાસ ફરતા. અમારું Time Table તને જ ધ્યાનમાં રાખીને તૈયાર થતું. અમે અમારી વ્યક્તિગત ઇચ્છાઓ જ ભૂલી ગયેલા. તને શું ગમે એ જ અમારી priority... ને તું? સાવ નાનકડી... ઢીંગલી જેવી. તને તો ખાવું ને ઊંઘવું બેમાં જ રસ. અમે તને રમાડવા માગીએ ત્યારે તારે ઊંઘવું હોય... બોલતા તો આવડે નહીં એટલે શરૂ કરી દે રડવાનું. દાદીમા કહે કે, 'ભલે રડે, ફેફસાં મજબૂત થાય.' પણ મારો તો જીવ કપાય. હું દોડીને તેડી લઉં... હાલરડાં ય ગાઉં... Don't laugh! મારો અવાજ ભલેને સારો ન હોય તોય તું એ સાંભળીને શાંત થઈ જતી. મમ્મી મજાકમાં કહે કે, 'છોકરી બી જશે...' પણ હું જોતો કે તને એ અવાજ ગમતો. મારા હાથનો સ્પર્શ અને મારો અવાજ... તને ખાતરી થઈ જતી કે પપ્પા પાસે જ છે ને તું નિરાંતે સૂઈ જતી.

તને ખબર છે, હાલરડાં સાંભળીને બાળક સૂઈ કેમ જાય છે? બાળક કંઈ સંગીત સમજતું નથી. સૂર-તાલની પરીક્ષા લેતું નથી. જે ગવાય છે એના શબ્દનો અર્થ પણ

એ સમજતું નથી. એ તો માત્ર અવાજને ઓળખે છે અને હાથના સ્પર્શને ઓળખે છે. એ મળે એટલે એને સારું લાગે છે. એ નિશ્ચિંત બને છે. એને સલામતી લાગે છે.

તારે માટે તો અમે પારણું લાવેલા. પારણું Flat હોય - સીધું-સપાટ, પણ તારા જન્મ પછી વતનમાં ગયેલા ત્યારે ત્યાં ઘોડિયું હતું ને ઘોડિયાને બાંધેલું 'ખોયું' હતું. એને એક દોરી બાંધેલી. તને એમાં સુવાડીને દાદીમા દોરી ખેંચીને હાલરડાં ગાતાં. સાથે સાથે હળવેથી ટપલીય મારતાં. મમ્મીને ચિંતા હતી કે તું નહીં સૂવે. અહીં ડૉક્ટર્સ પણ આવા ઘોડિયામાં સૂવડાવવાની ના પાડે છે. એનાથી કરોડરજ્જુ - Spinal Cord - વળી જાય છે, પણ દાદીમાને એવું કોણ કહે? ને તુંય કજિયા ભૂલીને આરામથી ઊંઘી ગઈ. મમ્મી તો જોઈ જ રહી!